પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૪ | ૪ નવેમ્બર, ૨૦૧૭, શનિવાર ; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ભાજપ મુખ્યમંત્રીપદનો પાટીદાર ચહેરો જાહેર કરશે

### પાટીદાર વોટબેંકમાં પડતા ગાબડા અટકાવવા પાટીદાર મુખ્યમંત્રી પદના ચહેરાની જાહેરાત કરાશે

### પુરૂષોત્તમ રૂપાલાનુ નામ મોખરે : નીતિન પટેલ, મનસુખ માંડવીયા, પ્રફુલ્લ પટેલના નામો પણ ચર્ચામાં

ગાંધીનગર, તા. ૩

ગુજરાતની ચૂંટણીના કાઉનડાઉન સાથે બદલાતા અને બગડતા સમીકરણોમાં આગામી ચાર-પાંચ દિવસમાં ભાજપ મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરશે એ વાત હવે નિશ્ચિત બનતી જાય છે. અને આ ચહેરો પાટીદાર સમાજમાંથી હશે તે પણ એટલું જ નિશ્ચિત છે. અનેક અટકળો-દબાણો અને વ્યૂહરચના બાદ પ્રભાવી વક્તા અને કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાનું નામ મોખરે છે. આ ઉપરાંત નીતિનભાઈ પટેલ, મનસુખભાઈ માંડવીયા અને પ્રફુલ્લ પટેલના નામો પણ ચર્ચામાં ઉછળે છે. શુક્રવારે સાંજે રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના આરંભાતા ગુજરાત પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી પદના નામની જાહેરાત થઈ જશે એમ મનાય છે.






રાજ્યમાં પાટીદાર આંદોલન બાદ ભાજપની વોટબેંકમાં મોટુ ગાબડુ પડ્યુ છે. પાટીદારોના વ્યાપક સમર્થનથી ભાજપ દિલ્હીની ગાદી પ્રાપ્ત કરવામાં સફળ રહ્યું છે. તેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. પૂર્વ મુખ્યમંત્રીઓ સર્વશ્રી કેશુભાઈ પટેલ અને શ્રીમતિ આનંદીબેન પટેલ ગુજરાતના સમાજજીવનમાં ભાજપનો પાટીદાર ચહેરો બનીને સતત સક્રિય રહ્યા છે. બન્નેને કોઈના કોઈ રાજકીય કારણસર સત્તા પરથી ખસવુ પડ્યું છે. તે પણ એટલી જ હકિકત છે. ૨૦૧૫ના ઓગષ્ટમાં

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### ચેન્નાઈમાં ધોધમાર વરસાદ



તામિલનાડુના સમુદ્રકાંઠાના વિસ્તારો તેમજ પાટનગર ચેન્નાઈમાં ફરીથી ધોધમાર વરસાદ વરસ્યો છે. ઠેર ઠેર પાણી ભરાતા શાળા-કોલેજ અને ઓફિસો બંધ રાખવાની ફરજ પડી હતી.

### ટ્રમ્પ આબે સાથે ગોલ્ફ રમ્યા

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જાપાનની મુલાકાતે છે. આ મુલાકાત દરમ્યાન તેઓ જાપાનના પ્રધાનમંત્રી શીન્ઝો આબે સાથે ગોલ્ફ રમ્યા હતા.

### ટીએમસીના ભૂતપૂર્વ સાંસદ મુકુલ રોય ભાજપમાં જોડાયા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના નજીકના સાથી અને પૂર્વ રેલવેમંત્રી મુકુલ રોય આખરે ભાજપમાં સામેલ થઈ ગયા છે. આજે દિલ્હીમાં કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદની ઉપસ્થિતિમાં તેમને ભગવાખેશ પહેરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેઓએ ભાજપ પ્રમુખ સાથે પણ વાતચીત કરી હતી.

## બેંક એકાઉન્ટને આધાર સાથે લિંક કરવા પર મનાઈ નહી

### જટિલ મામલા પર અંતિમ નિર્ણય બંધારણીય બેંચ લેશે : બેંક અને મોબાઇલ ટેલિફોન કંપનીઓને ગ્રાહકોને મેસેજ મોકલીને દહેશત નહીં ફેલાવવા સ્પષ્ટ સૂચના : કાર્યકરોની અરજી ઉપર સુનાવણી હાથ ધરાઈ

નવી દિલ્હી, તા. ૩

સુપ્રીમ કોર્ટે મોબાઈલ નંબર અને બેંક એકાઉન્ટને આધાર નંબર સાથે લિંક કરવા ઉપર વચગાળાનો સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો છે. આજે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ મામલા પર નિર્ણય બંધારણીય પીઠ ઉપર છોડી દેવામાં આવ્યો છે. અલબત્ત સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે, બેંક અને મોબાઈલ ટેલિકોમ કંપનીઓ ગ્રાહકોને મેસેજ મોકલીને દહેશતનું વાતાવરણ સર્જવાના પ્રયાસ ન કરે. કારણ કે, આ પ્રવૃત્તિ યોગ્ય નથી. હકીકતમાં કંપનીઓ તરફથી ગ્રાહકોને મેસેજ મોકલીને કહેવામાં આવી રહ્યું છે કે જો તેઓ આધાર સાથે લિંક કરાવશે નહીં તો તેમના એકાઉન્ટ ડિએક્ટિવેટ થઈ જશે. અલબત્ત કેન્દ્ર સરકારે આ બાબતનો સાફ ઈન્કાર કર્યો છે કે, આ પ્રકારના મેસેજો મોકલવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં જસ્ટિસ એકે સિકરીએ કહ્યું હતું કે, તેઓ કહેવા માંગતા નથી પરંતુ તેમને પણ આ પ્રકારના મેસેજો મળી ચુક્યા છે. જસ્ટિસનો ઈશારો એક જ દિવસમાં મળેલા અનેક મેસેજોની તરફ હતો જેમાં તેમને એક બેંક એકાઉન્ટ અને મોબાઈલ નંબરને આધાર સાથે લિંક ન કરવાની સ્થિતિમાં ડિએક્ટિવ હોવાની ચેતવણી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ સંસ્થાને આ પ્રકારના સંદેશા ન મોકલવા માટે કહ્યું છે. સુપ્રીમ કોર્ટમાં કેટલાક સામાજિક

● અનુસંધાન પાન-૫ પર

## વિશ્વભરમાં વોટ્સએપ સેવા કલાક માટે ખોરવાઈ

### માઇક્રો બ્લોગિંગ વેબસાઇટ ટ્વિટર મારફતે યુઝરો દ્વારા વોટ્સએપની સમસ્યાઓ અંગે સતત માહિતી પુરી પડાઈ

નવી દિલ્હી, તા. ૩

વોટ્સએપ આજે થોડાક સમય માટે બંધ પડી જતાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. જાણિતા મેસેજિંગ એપ વોટ્સએપ દુનિયાભરમાં ડાઉન હોવાના અહેવાલથી બપોરના ગાળામાં મેસેજો આવી રહ્યા ન હતા. આને લઈને વોટ્સએપના લાખો યુઝર મુશ્કેલીમાં મુકાયા હતા. લાખો યુઝર વોટ્સએપના એપ અને વેબ સર્વિસ કામ નહીં કરતી હોવાની ફરિયાદ કરી હતી. ટ્વિટર ઉપર આ અંગેની માહિતી યુઝરો દ્વારા આપવામાં આવી હતી. એકાએક સર્વર ડાઉન થઈ જવાના પરિણામ સ્વરુપે યુઝર વોટ્સએપથી મેસેજો મોકલી શક્યા ન હતા. સાથે સાથે તેમને સંદેશાઓ મળી રહ્યા પણ ન હતા. ફેસબુકની માલિકીના વોટ્સએપ મેસેજિંગનો ઉપયોગ ભારતમાં લાખો લોકો કરી રહ્યા છે. સુત્રોએ કહ્યું છે કે, આજે બપોરે ૧.૩૦ વાગ્યાની આસપાસ વોટ્સએપ ઉપર મેસેજ આવવાના અને જવાના બંધ થઈ ગયા હતા. માઈક્રોબ્લોગિંગ વેબસાઈટ ટ્વિટરનો ઉપયોગ કરતા યુઝર દ્વારા વોટ્સએપની આ સમસ્યા અંગે માહિતી આપી હતી. મોડે સુધી આ તકલીફને લઈને ફેસબુક અને વોટ્સએપ તરફથી કોઈપણ માહિતી સત્તાવારરીતે જારી કરવામાં આવી ન હતી. આને લઈને યુઝરોમાં તર્ક વિતર્કોનો દોર રહ્યો હતો. જો કે મોડેથી વોટ્સએપ સેવા ફરી રાબેતા મુજબ બની જતાં લોકોએ રાહતનો દમ લીધો હતો. જો કે, બપોરના ગાળામાં દુનિયાભરમાં થોડાક સમય માટે વોટ્સએપ સેવા ઠપ થઈ ગઈ હતી.

## ગુજરાત-હિમાચલમાં ચૂંટણી બાદ કેબિનેટમાં ફરી ફેરફાર

### જેડીયુ અને અન્યોને તક આપવા માટે વિચારણા : વર્તમાન પ્રધાનોના ખાતામાં કેટલાક ફેરફારો પણ કરાશે મોદી કેબિનેટ કામગીરી વધુ અસરકારક બનાવવા તૈયાર

નવી દિલ્હી, તા. ૩

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રિય કેબિનેટમાં ફરી ધરખમ ફેરફાર કરી શકે છે. આને લઈને વિચારણા કરવામાં આવી રહી છે. મોદી વધુ એક કેન્દ્રિય ફેરફાર કરવાને લઈને તૈયારી કરી ચુક્યા છે. આ વખતે કેન્દ્રિય કેબિનેટમાં ફેરફાર કરતી વેળા મોદી જેડીયુ અને અન્ય સાથી પક્ષોને તક આપે તેવી શક્યતા છે. બીજી બાજુ કેટલાક પ્રધાનોના ખાતામાં નજીવા ફેરફાર કરવાની તૈયારી પણ કરવામાં આવી રહી છે. છેલ્લી વખત કેબિનેટમાં ફેરફાર કરતી વેળા બિહારમાં સાથી પક્ષ જેડીયુના કોઈ સભ્યને સામેલ કરવામાં આવ્યા ન હતા બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારે લાલુ યાદવની પાર્ટી આરજેડી સાથે છેડો ફાડીને ભાજપની મદદથી બિહારમાં સરકાર બનાવી હતી. ત્યારબાદથી જેડીયુના મોદી સરકારમાં સમાવેશને લઈને વાતચીત ચાલી રહી હતી. અટકળોનો દોર પણ ચાલી રહ્યો હતો. બજેટ સત્ર પહેલા કરવામાં આવનાર સંભવિત ફેરફાર આ ટર્મમાં અંતિમ ફેરફાર રહેશે તેમ પણ કેટલાક લોકો માની રહ્યા છે.


## ટેન્ડર નોટીસ

ગ્રુપ કેન્દ્ર, સી.આર.પી.એફ., ચિલોડા રોડ, ગાંધીનગર ખાતે હંગામી ધોરણે કુશળ મિસ્ત્રી અને મજૂરની પ્રિ-ફેબ્રિકેટેડ હટ (ઝૂપડા)ના ઓટલા બાંધવા માટે જરૂર હોઈ દિનાંક ૧૩/૧૧/૨૦૧૭ના રોજ ૧૧ કલાકે ઉપરોક્ત સરનામે ઈન્ટરવ્યુમાં રૂબરૂ હાજર રહેવું.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય







ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

